ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૧૦૦ ટકા

# સિવિલની પેથોલોજી લેબમાં વરસાદી પાણી ટપકતા કર્મચારીઓ હેરાન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા જ સિવિલમાં પાણી ટપકવાની ફરીયાદો સામે આવી છે. વોર્ડ અને અન્ય કેટલાક વિભાગોમાં તો પાણી ટપકતા હતા પરંતુ હવે પેથોલોજી વિભાગમાં વરસાદી પાણી ટપકતા કર્મચારીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. લેબમાં પાણી ભરાઈ જતા તાત્કાલીક સફાઈ કરાવીને પાણી ટપકતું બંધ કરવા મથામણ કરતા નજરે પડી રહ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સમસ્યાઓ સમવાનું નામ લેતી નથી. એક સાંધો ત્યારે તેર તુટે તેવી સ્થિતિ સર્જાઈ છે. સિવિલમાં નવી બિલ્ડીંગ તેમજ અનેક સ્થળે પાણી આવતા નથી તો કયાક પાણી ટપકે છે ત્યારે રીપેરીંગની કામગીરી કરીને તંત્રના અધિકારીઓ અને પીઆઈયુના કર્મચારીઓ પણ થાકી ગયા છે. તેમ છતાં છતમાંથી પાણી ટપકવાનું સામે આવી રહ્યું છે. આજે શહેરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા સિવિલની પેથોલોજી વિભાગની છતમાંથી પાણી ટપકતા નજરે પડ્યું હતું. ત્યારે લેબમાં પાણી ટપકતા કર્મચારીઓ પણ હેરાન પરેશાન થઈ ગયા હતા. લેબમાં પાણી ટપકતું બંધ કરવા માટે પીઆઈયુના કર્મચારીઓ પણ તુરંત દોડી આવ્યા હતા અને પાણી બંધ કરવા મથામણ કરી રહ્યા હતા.

# ડેપોમાં સોનાનો દોરો અને ડોક્યુમેન્ટ ભરેલી બેગ ઉઠાવી ગઠીયા પલાયન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર એસટી ડેપોમાં મુસાફરોની સલામતી સામે પ્રશ્નાર્થ મંડરાયો છે. આજે એસટી ડેપોમાં ગોધરાના એક યુવાનની બેગ જાણભેદુ શખ્સો ઉઠાવી ગયા હતા. સોનાનો દોરો તેમજ અભ્યાસના ઓરીજીનલ ડોક્યુમેન્ટની ચોરી થતા યુવાને આ મામલે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે જયારે ગાંધીનગર અભ્યાસ અર્થે અપ-ડાઉન કરતો એક યુવાન પણ ડેપોમાં પીક પોકેટીંગનો ભોગ બન્યો હોવાનો કિસ્સો સામે આવ્યો છે.

ગાંધીનગર એસટી ડેપોમાં અવાર નવાર ચોરીના કિસ્સાઓ બનવા પામે છે. પોલીસ ચોકી અને પોલીસ પહેરાના અભાવ વચ્ચે ડેપો સંકુલ તસ્કરો માટે મોકળું મેદાન બનતું જાય છે. આજે પણ ગોધરાનો એક યુવાન આ તસ્કરીનો ભોગ બન્યો હતો. ગોધરા જવા માટે ગાંધીનગર એસટી ડેપોમાં આવેલા મુકેશ બાબુભાઈ ચારેલ પાસેથી સિફતાઈ પૂર્વક બેગની ઉઠાંતરી જાણભેદુ શખ્સો પલાયન થઈ ગયા હતા. આ યુવાને રૂ. ૨૫ હજારની કિંમતનો દોઢ તોલાનો સોનાનો દોરો અને અભ્યાસના ઓરીજીનલ ડોક્યુમેન્ટ બેગમાં રાખ્યા હતા. આ બેગની ચોરી થતા તેણે આ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે જયારે અન્ય એક કિસ્સામાં સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા જયરાજસિંહ ભરતસિંહ રાઓલ પણ પણ પીક પોકેટીંગનો ભોગ બન્યો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે પોલીસે આ ગુના સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.





લાયોનેસ ક્લબ ગાંધીનગર દ્વારા આશ્રમ શાળા કોબા ખાતે બાળકોને વિવિધ પ્રકારની પ્રવૃત્તિ કરાવી તથા સાંજનું ભોજન લાયોનેસ મનિષાબેન પટેલ દ્વારા કરાવવામાં આવ્યું અને તેમની સાથે સમય પસાર કરવામાં આવ્યો. આમાં લાયોનેસ પ્રમુખ ડિમ્પલ દેસાઈ મંત્રી પ્રિતીબેન શર્મા તથા કમિટી ચેરમેન રીટાબા તથા ક્લબના પર્વ પ્રમુખો તથા ક્લબના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શ્રી પાટણવાડા મેવાડા સુથાર મિત્ર મંડળ દ્વારા લગ્નવાડી, સેક્ટર-૭ ખાતે દર સ્વતંત્રતા પર્વની ઉજવણીની જેમ આ વખતે પણ ૧૫ ઓગસ્ટના રોજ યોજાયેલ ૨૦માં સ્નેહ-મિલન સમારોહમાં દેશભક્તિના




ગીતો, બાળકો દ્વારા કલાકૃતિ પ્રદર્શન, તેજસ્વી તારલાઓને ઈનામ તેમજ દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમના પ્રમુખ સ્થાને બલગોપાલ એન.મેવાડા અને મહેશભાઈ એ.મેવાડા ઉપસ્થિત રહ્યા હતા. આયોજન સફળ બનાવવા માટે જીતેન્દ્રભાઈ મેવાડા અને પ્રવીણભાઈ મેવાડાએ ખુબ જ પ્રશંસનીય કામગીરી કરી હતી.

## શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે રવિવારે સાવન ભાદો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે આવેલી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે આગામી તા. ૧૯ ઓગસ્ટને રવિવારના રોજ સાંજે ૬.૪૫ થી ૮ કલાક દરમિયાન સાવન-ભાદોના દર્શન દરમિયાન વરસાદની સાથો સાથ કોયલ-મોર વગેરે પક્ષીઓના ટહુકા પણ સાંભળવા મળશે. વૈષ્ણવોએ દર્શનનો લાભ લેવા ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ રસીકભાઈ ગાંધીએ અનુરોધ કર્યો છે.

# ચિલોડા પાસે યાત્રાએ નિકળેલા વૃધ્ધાનું ટ્રકની ટક્કરે મૃત્યુ


ગાંધીનગર, તા.૧૭

ચિલોડા પોલીસ સ્ટેશનથી મળતી માહિતી મુજબ ગત તા. ૨૫ જુલાઈના રોજ આગરાથી ખાનગી ટ્રાવેલ્સની બસ ૯ જયોતીલીંગની યાત્રાએ નીકળી હતી. ૧૫મી ઓગસ્ટના રોજ દ્વારકા દર્શન કરીને નાથદ્વારા જવા માટે બપોર બાદ નીકળ્યા હતા. તા. ૧૬મીની પૂર્વ રાત્રે લકઝરી અમદાવાદથી ચિલોડા આવી હતી અને ચિલોડા સર્કલ પાસે આવેલી હોટલ કિસ્મત પાસે વહેલી સવારે ૪ વાગ્યાના અરસામાં બસ રોકાઈ હતી. મુસાફરો હોટલ પર ફ્રેશ થવા ઉતર્યા હતા ત્યારે કસ્તુરી દેવી શર્મા શૌચક્રિયા જવા માટે માર્ગ ક્રોસ કરવા જતા હતા હિંમતનગર તરફથી આવતી અજાણી ટ્રક કસ્તુરીદેવીને ટકકર મારીને નાસી ગઈ હતી. જે બનાવમાં કસ્તુરી દેવીનું ઘટના સ્થળે જ મૃત્યું થયું હતું. અન્ય મુસાફરો તેમજ હોટલ સ્ટાફ માર્ગ પર તાત્કાલીક દોડી આવ્યો હતો. અને ચિલોડા પોલીસને જાણ કરતા તુંરત બનાવ સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે પંચનામુ કરીને મૃતદેહનું પીએમ કરાવીને ઈન્દ્રાતી દેવીની ફરીયાદના આધારે તપાસ શરુ કરી છે.

# આજ મૌસમ ભી રોયા હૈ, મેરે દેશને 'ભારતરત્ન' ખોયા હૈ

## છેલ્લા ૪૮ કલાકમાં સોશ્યલ મિડિયામાં માત્ર અટલ બિહારી વાજપેયીજીને શ્રધ્ધાંજલિના મેસેજ છવાયાં...!!





ગાંધીનગર, તા.૧૭

એક તરફ ભારતભરમાં ૭૨માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનો ઉમંગ હજુ ઓસર્યો નહતો અને રાષ્ટ્રના દિર્ઘદ્રષ્ટા, મુત્સદી અને કવિ હૃદય ધરાવતા પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીનું અવસાન થતા સમગ્ર દેશમાં ઘેરા શોકનું મોજુ ફરી વળવા પામ્યું છે. અટલ બિહારી વાજપેયીના નિર્ધનને પગલે ગાંધીનગરમાં પણ નાગરિકોએ સોશ્યલ મિડિયા થકી તેમને શ્રધ્ધાંજલિનો ધોધ વરસાવ્યો હતો. એમાં પણ આજે સવારે સમગ્ર રાજય સહિત શહેરમાં વરસેલા વરસાદને પણ નેટીઝન્સે અટલજીની વિદાય સાથે સાંકળી લઈ હૃદયસ્પર્શી મેસેજીસ સતત વરસાવ્યા હતા. જેને પગલે છેલ્લા ૪૮ કલાક સોશ્યલ મિડિયા પર 'અટલ' બિહારી વાજપેયી જ છવાયેલા રહ્યા હતા. અત્રે પ્રસ્તુત છે કેટલાંક લાગણીસભર સંદેશા.

- આજ બારીશ બહુત જોર સે હો રહી હૈ,
  આસમાન જો રો રહા હૈ,
  સ્વર્ગ તો બહોત ખુશ હોગા,
  ભારત રત્ન જો આજ ઉસે મીલા હૈ...
- દોસ્તો, આજે વરસાદ આવ્યો
  એમ ના કહેતા, કારણ...
  આજ મૌસમભી રોયા હૈ,
  મેરે દેશને ભારત રત્ન જો ખોયા હૈ..
- વરસવા અટલ રહેતું આભ,
  આજે અટલ માટે અનરાધાર વરસ્યું...
  કે ચોધાર આંસુએ રડયું...
- આદરણીય અટલજીએ પહોંચતા વેંત
  ઈન્દ્રદેવને રાજધર્મ યાદ કરાવ્યો..!!
  રાજયમાં મેઘમહેર...!!!
- આજ મૌસમભી બહોત રોયા હૈ,
  મેરે દશને 'અટલ' ખોયા હૈ,
  માન ગયે અટલજી આપ કી શાન કો,
  જાતે જાત રુલા ગયે આસમાન કો...
- બડી રૌનક હોગી આજ ભગવાનકે દરબાર મેં...!
  એક ફરિશ્યા પહુંચા હૈ જમીં સે આસમાન મેં...!!
- મૈંને ન દેખે અલ્લાહ રામ,
  પર મૈંને દેખે અટલ કલામ.
- અટલજીની જન્મતિથી ૨૫-૧૨-૧૯૨૪
  ૨+૫+૧+૨+૧+૯+૨+૪=૨૬
  અટલજીની મરણતિથી ૧૬-૦૮-૨૦૧૮
  ૧+૬+૮+૨+૧+૮=૨૬
  ૨૬-૨૬=૦ શૂન્ય, યહી અટલ સત્ય હૈ.
- અટલજીની જન્મતારીખ ૨૫= ૨+૫=૭
  અટલજીની મરણ તિથી ૧૬=૧+૬=૭
- મૌત ખડી થી સર પર
  ઈસી ઈંતઝારમેં થી,
  ના ઝુકેગા ધ્વજ મેરા,
  ૧૫ અગસ્ત કે મૌકે પર,
  તું ઠહર ઈંતઝાર કર,
  લહરાને દે બુલંદ ઈસે,
  મૈં એક દિન ઔર લડુંગા,
  મૌત તેરે સે,
  મંજુર નહીં હૈ કભી મુજે
  ઝુકે તિરંગા સ્વતંત્રતા કે મૌકે પર

- અટલ બિહારી વાજયેયી

# સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા દહેગામ ખાતે રકતદાન શિબિર

ગાંધીનગર, તા.૧૭

મહિલા જાગૃતિ અભિયાન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દહેગામ, સિનિયર સિટીઝન કાઉન્સિલ, ગાંધીનગર તથા ગાયત્રી શક્તિ પીઠ દેહગામના સંયુકત ઉપક્રમે તા. ૧૪-૮-૧૮ ના રોજ રકતદાન શિબિરનું બહેરા મૂંગા ભવન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.



શિબિરનો શુભારંભ ગાયત્રી દેવીની નિશ્રામાં સંસ્થાના શુભચિંતક સુશ્રી ભદ્રાબેન દોશી, ડો. વિશ્વાસ અમીન, ઉષિતભાઈ ગોપાણી, ઈન્દુમતિબેન બ્રહ્મભટ્ટ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો.

શિબિરમાં કુલ ૨૯ રક્તદાતાઓએ રક્તદાન કરી રક્તદાન મહાદાન સૂત્રને સાર્થક કરી સામાજિક ફરજ અદા કરી આ અભિયાનને બળ પૂરું પાડયું હતું. શિબિરમાં ૪ બહેનો અને ૨૫ ભાઈઓએ રક્તદાન કર્યું હતું.

શિબિરમાં રકત એકત્રિત કરવામાં અમદાવાદની રેડક્રોસ સોસાયટીના શ્રી નારણભાઈ દેસાઈ, અવનીબેન પટેલ તથા તેમના સ્ટાફ મેમ્બરનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

મહિલા જાગૃતિ અભિયાન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ઈન્દુમતીબેન બ્રહ્મભટ્ટ તથા અન્ય કર્મચારી સભ્યોએ જેમ જ ઉઠાવી શિબિરની સફળતા અપાવી હતી.

સિનિયર સિટિઝન કાઉન્સિલના હસમુખભાઈ શાહ, દશરથ ભાઈ પરમાર, રસિકભાઈ ગાંધી તથા જીવણભાઈ શાહે શિબિર માટે કામગીરી બજાવી હતી.

## @ગાંધીનગર

● અડાલજ બાલાપીર દરગાહ ખાતે ઉર્સનો કાર્યક્રમ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા લઘુરૂદ્રાભિષેક સવારે ૮.૩૦ કલાકે વૈજનાથ મહાદેવ સે-૨૧, ચ-૬ કોર્નર પાસે મહાપ્રસાદ સાથે રવિન્દ્રભાઈ દવે દ્વારા યોજાશે.

● સ્મિત મ્યુઝીક દ્વારા સંગીતમય કાર્યક્રમ રાત્રે ૯ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજાશે.

● સે-૨૩ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા દિવેશ્વર મહાદેવ પ્રવાસ યોજાશે.

● સે-૨૬ બ્રહ્મસમાજ દ્વારા રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન કિરણભાઈ શુકલ પ્લોટ નં. ૨૭૫/૧, કિસાનનગર ખાતે શિવ આરાધના પૂજા પાઠ યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે શાકભાજીના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સે-૩-ન્યુ ૨૮૨/૧ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● ઔદ્યોગિક તાલિમ સંસ્થા (આઈટીઆઈ) ખાતે એપ્રેન્ટીસ ભરતીમેળાનું આયોજન સવારે ૧૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સે-૧૫ ખાતે યોજાશે. જેનો લાભ ધોરણ-૮ થી પાસ સ્નાતક, આઈટીઆઈ, ડિપ્લોમા તથા એન્જીનીયરીંગ પાસ ઉમેદવારો લઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ રેવાબેન રણછોડભાઈ, ઉ.વ. ૬૫
- સ્વ. પટેલ પાલીબેન સોમાભાઈ, ઉ.વ. ૭૦

## ગાંધીનગરનું ગૌરવ



પતંજલિ યોગ સમિતિના ગાંધીનગર જિલ્લા પ્રભારી યોગાચાર્ય કાનજીભાઈ બાવરીને જિલ્લા વહીવટીતંત્ર-ગાંધીનગર દ્વારા માણસા ખાતે યોજાયેલ જિલ્લાકક્ષાના સ્વતંત્રતા દિનની ઉજવણી નિમિત્તે યોગ પ્રશિક્ષક તરીકેની સરાહનીય સેવા-સિદ્ધિ બદલ જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાના વરદહસ્તે પ્રશસ્થિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# "સ્વાતંત્ર્ય દિને" હેપ્પી યૂથ ક્લબના યુવાનોનું વૃક્ષારોપણ

## સેક્ટર-૧૨માં બલરામ મંદિર ખાતે ૧૫મી ઓગસ્ટે ૧૫ વૃક્ષોનું વાવેતર કર્યું

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં ભારતના ૭૨માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ભારે ઉલ્લાસપૂર્ણ માહોલમાં કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વે શહેરના યુવાનોએ દેશભક્તિ સાથે આઝાદીના ઉત્સવને પોતાની આગવી રીતે ઉજવ્યો હતો. પાટનગરમાં છેલ્લા અઢી ઉપરાંત વર્ષોથી સામાજિક અને પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત યુવા સ્વૈચ્છીક સંસ્થા "હેપ્પી યુથ કલબ" દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી વૃક્ષારોપણ થકી કરીને પર્યાવરણના જતન પ્રત્યે જન-જાગૃતિનો સંદેશ પાઠવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત "હેપ્પી યુથ કલબ" દ્વારા શહેરના ઘ-રોડ સ્થિત



સેકટર-૧૨ ખાતેના શ્રી બલરામ મંદિર પરિસરમાં ૧૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણમાં ગુલમહોર, સોનમહોર, પિંકેશિયા, કપોક, કાશીદ, ટુમોબિયા, રેઈન ટ્રી જેવા મોટા વિકસી શકે તેવા વૃક્ષના રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદારો અને યુવા સ્વયંસેવકો ઉપરાંત સામાજિક અગ્રણી પ્રદીપસિંહ વાઘેલા, એડ્વોકેટ અશ્વિનભાઈ ત્રિવેદી, ફૂડ એન્ડ ડ્રગ કન્ઝયુમર વેલ્ફેર સમિતિના જિલ્લા વાઈસ પ્રેસિડેંટ દિપક વ્યાસ, ગુજરાતી ટીવી-ફિલ્મ અભિનેત્રી વિવેકા પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વૃક્ષારોપણ કર્યા બાદ બલરામ ભવનના હોલમાં સંસ્થાનો હેપ્પી ગેટ-ટુ-ગેધર કાર્યક્રમ યોજાયો હતો અને સમાપને તમામ સભ્યોએ સમૂહ ભોજનનો આનંદ લીધો હતો.

# મહર્ષિ અરવિંદની ૧૪૭મી જન્મજયંતિએ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર, તા.૧૭

અરવિંદ કેન્દ્ર દ્વારા મહર્ષિ અરવિંદની ૧૪૭મી જન્મજયંતિ પ્રસંગે પંદરમી ઓગસ્ટે આંબેડકર ભવન ખાતે રંગારંગ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

અરવિંદ કેન્દ્ર દ્વારા સંચાલિત સંગીત અને નૃત્યના તાલીમ વર્ગોના તમામ તાલીમાર્થી કલાસાધકોએ ઉત્તમ કૃતિઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં દેશભકિત ગીતો, વરસાદી ગીતો, શિવસ્તુતિ, તબલાવાદન, મધુરાષ્ટકમ, ભરતનાટયમ, કથ્થક નૃત્ય, પ્રાર્થના વગેરેની અદભૂત પ્રસ્તુતી થઈ હતી. નવાં જૂના ગીતો પણ શાસ્ત્રીય રાગ આધારીત ગીતો અને એની સાથે સાસ્ત્રીય નૃત્યો પ્રસ્તુત થયા હતા.

આ કાર્યક્રમમાં ગીતો અને નૃત્યો પિનાકીન વ્યાસ, નિરાલી પઢીયાર, ગાર્ગી પસારી, જયદીપા રાજયગુરુ અને અરવિંદ વોરાએ તૈયાર કરાવ્યા હતા. આ કાર્યક્રમમાં તબલા સંગત દીપ વ્યાસ, ઓર્ગન હિમાંશુ ગાયકવાડ, ઓકટોપેડ જલેશ ચૌહાણ વગેરેએ આપી સંગીતમાં સાથ નિભાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રૂદ્રી શુકલએ કર્યું હતું. અરવિંદ કેન્દ્રના પ્રમુખ ડૉ. સી.કે. તન્નાએ તમામ કલાકારોને અભિનંદન આપી ૧૪૭મી જન્મજયંતિનો આ કાર્યક્રમ શ્રી મહર્ષિ અરવિંદને સમર્પિત કર્યો હતો.